Dr. JYOTI M. KURADA

Assistant Professor (Sociology)

Govt. Arts, Commerce and Science College,

Khergam, Dist: Navsari

Email id: jyotikrishna751@gmail.com

# પ્રાદેશિક સમાજશાસ્ત્રમાં ડૉ. એસ. પી. પુનાલેકર

ભારતના સમાજશાસ્ત્રીઓમાં શ્રીનિવાસ, જી. એસ. ધુર્યે, આઈ. પી. દેસાઈ, એ.આર. દેસાઈ, યોગેન્દ્ર સિંગ વગેરેનું પ્રદાન ખુબજ મહત્વનું રહ્યું છે. જેમાં દક્ષિણ ગુજરાતની વાત કરીએ તો એ. આર. દેસાઈ, નીરાબેન દેસાઈ, ઘનશ્યામ શાહ, ડૉ. દોશી, વિદ્યુત જોશી, ગૌરાંગ જાની તેમજ પ્રો. એસ. પી. પુનાલેકર વગેરેનું નામ જાણીતું છે.

**પ્રો. એસ. પી. પુનાલેકરનું જીવનકાર્ય:**

પ્રો. એસ.પી. પુનાલેકર દલિત અને સામાજિક- આર્થિક રીતે વંચિત સમુદાયના અભ્યાસ માટે જાણીતા છે. ૧૯૩૯ -૨૦૦૪નો જીવનકાળ ધરાવતા પ્રો. એસ.પી.પુનાલેકરનું સમાજશાસ્ત્રમાં મહત્વનું પ્રદાન રહ્યું છે. તેમને ત્રણ ભાષાઓમાં પોતાનો પ્રદાનો પ્રકાશિત કર્યા છે. ૩૭ જેટલા તેમના કાર્યો પ્રકાશિત થયા છે.

સમાજવિજ્ઞાની અને સંશોધક તેમજ સુરત સ્થિત સંશોધન સંસ્થા સેન્ટર ફોર સોશિયલ સ્ટડીઝ, સુરતના નિયામક તરીકે પ્રો. એસ.પી પુનાલેકર જાણીતા છે. તા. ૨૩ સપ્ટેમ્બર ૨૦૦૪ના રોજ ૬૫ વર્ષની વયે તેમનું સુરત ખાતે નિધન થયું. પ્રો. એસ. પી. પુનાલેકરે મુંબઈ યુનિવર્સી ખાતે સમાજશાસ્ત્ર વિષયમાં એમ. એ. કર્યા બાદ ૧૯૭૪માં તેઓ સુરત ખાતેની સંશોધન સંસ્થા સેન્ટર ફોર સોશિયલ સ્ટડીઝમાં જોડાયા હતા. સંસ્થાના સ્થાપક પ્રો. આઈ.પી દેસાઈના માર્ગદર્શન

હેઠળ સુરતના ઢોડિયા સમાજ પર ( “A descrptive study of dhodiyas of Surat City” 1980) પીએચ.ડી કર્યું. આ સેન્ટર ખાતે તેમણે સતત ૨૫ વર્ષ સેવા બજાવી તેઓ ૧૯૯૯માં આજ જ સંસ્થામાંથી નિવૃત થયા. સેન્ટરની ફેકલ્ટીના તેઓ એક વરિષ્ઠ અને મહત્વના સભ્ય રહ્યા. તેમજ ૧૯૮૭ થી ૧૯૯૦ પર્યંત તેમણે સંસ્થાના નિયામકની જવાબદારી પણ વહન કરી. સેન્ટર ફોર સોશિયલ સ્ટડીઝ, સુરતે એક સામાજિક નિસ્બત ધરાવતી સંશોધન સંસ્થા તરીકે વિદ્યાકીય જગતમાં જે ખ્યાતિ પ્રાપ્ત કરી છે તેમાં પ્રો. પુનાલેકરનું નામ સવિશેષ યોગદાન રહ્યું છે. સમાજશાસ્ત્રી પ્રો. આઈ.પી દેસાઈ એ સુરત ખાતે સેન્ટર ફોર રીજીઓનલ ડેવલોપમેન્ટ સ્ટડીઝ નામે એક સંશોધન સંસ્થા સ્થાપી જે વર્તમાનમાં સેન્ટર ફોર સોશિયલ સ્ટડીઝના નામે જાણીતી છે જેના વિકાસમાં પ્રો. એસ.પી પુનાલેકરનું પ્રદાન મહત્વનું રહ્યું છે.

પ્રો. એસ પી. પુનાલેકરે પોતાના સંશોધન ઉપક્રમો અને અભ્યાસો હેઠળ મુખ્યત્વે ગુજરાત અને મહારાષ્ટ્રના છેવાડાના સમુહોને જ કેન્દ્રમાં રાખી સંશોધન કાર્ય કર્યું . ૨૫ થી વધુ વર્ષોની તેમની દીર્ઘકાલીન કારકિર્દી દરમિયાન અભ્યાસ હેઠળ તેમને આવરેલા વિષયોમાં શિક્ષણ, આયોજન, આદિવાસીઓ, દલિતો, સ્ત્રીઓ, શ્રમિક સમૂહો, બાળશ્રમ, વિકાસ, સામાજિક ન્યાય, ગરીબી, કલ્યાણ યોજનાઓ, શ્રમ સંગઠનો મુખ્ય હતા. વિશેષ કરીને શ્રમિક અને દલિત સમૂહોને તેમને અભ્યાસના કેન્દ્રવર્તી વિષય બનાવ્યા હતા. ગુજરાત અને મહારષ્ટ્રના દલિતોનું સામાજિક જીવન અને પરિસ્થિતિ તેમજ ઔપચારિક અનોપચારિક ક્ષેત્રના વિભિન્ન શ્રમિક જૂથો પર તેમણે ગહન અભ્યાસ કર્યો છે. તેમનું ધ્યેય સંશોધન અને અભ્યાસને માત્ર વિદ્યાકીય ખેડાણ અને જ્ઞાનસંચય પૂરતી સીમિત બનાવવાની નહોતી. પરંતુ વંચિત સમુહોની પરિસ્થિતિમાં મૂળગામી પરિવર્તન સાધવા કાજે જ્ઞાનનો વિનિયોગ તેમના માટે કેન્દ્રીય અને પાયાનો મુદ્દો રહ્યો હતો. દલિતો અને શ્રમિક સમુહોની પરિસ્થિતિમાં મૂળગામી સંરચનાકીય પરિવર્તન માટે સક્રિય સંગઠનો અને જૂથો સાથે તેઓ જીવંત નાતો ધરાવતા હતા અને કાયમ આ સમુહોની પરિવર્તન માટે સક્રિય કર્મશીલ સંવાદ સાધવાને તત્પર રહેતા.

સરકારી નીતિ ક્ષેત્રે સંશોધન અને અન્ય વિદ્યાકીય પ્રવૃત્તિ વિધેયાત્મક પ્રદાન કરી શકે એવી માન્યતા પણ તેમની વિદ્યાકીય પ્રવૃતિને સતત દોરતી રહી. તેમના દ્વરા હાથ ધરાયેલા પ્રત્યેક

અભ્યાસ અને સંશોધનમાં પરિસ્થિતિનું વસ્તુલક્ષી અવલોકન અને મૂલ્યાંકન તેમજ તેમાંથી નિષ્પન્ન વિદ્યાકીય મુદ્દાઓની  પ્રવર્તમાન સંજોગોમાં રાજ્યના પક્ષે લેવા આવશ્યક નિતીવિષયક નિર્ણયો અને જવાબદારીઓ સંબંધિત પગલાંઓ સંદર્ભ વિગતવાર અને ઝીણવટભર્યું આકલન પામતું. તેઓ એક દીર્ધદ્રષ્ટા હતા. તત્કાલીન પરિસ્થિતિ તેમજ દુરગામી સામાજિક ભાવી વિશે તેઓ ચિંતા સેવતા અને આથી જ નવી પેઢીમાં તેમને વધારે રસ હતો.

**આદિવાસી સમુદાય અંગેના અભ્યાસો**:

**પુનાલેકર(૧૯૮૩)નો**“આદિવાસી વિસ્તારમાં હાટ” નામનો અભ્યાસ દક્ષિણ ગુજરાતના આદિવાસીઓને કેન્દ્રમાં રાખી કર્યો છે. આદિવાસી  વિસ્તારમાં હાટ (બજાર) ભરાય છે. જેના કારણે આદિવાસી વિસ્તારના સમાજમાં પ્રવેશી રહેલ બજારનું અર્થકરણ તથા આદિવાસીઓની વ્યક્તિગત તેમજ ઘર સંબધી જીવન પદ્ધતિમાં તથા દ્રષ્ટિબીન્દુમાં પરિવર્તનનો ખ્યાલ આ અભ્યાસ દ્વારા સંશોધક આપે છે. આ અભ્યાસનો મુખ્ય હેતુ દક્ષિણ ગુજરાતના સુરત અને વલસાડ જીલ્લાના આદિવાસી તાલુકાઓમાં ભરાતા હાટ આદિવાસી સમાજ શો ભાગ ભજવે છે? એ તપાસવાનો છે. અભ્યાસ દરમિયાન માહિતી પ્રાપ્ત કરવા મુલાકાત, મુલાકાત અનુસૂચી, નિરીક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સંશોધન મુજબ જ્યાં હાટ અસ્તિત્વ આવ્યા ત્યાં ત્યાં આદિવાસી સમાજમાં પરિવર્તનનો પ્રવાહ વધ્યો. હાટનું પ્રાથમિક કાર્ય આર્થિક પ્રકારનું હતું વેપાર અમુક વ્યક્તિઓના હાથમાં કેન્દ્રિત હોવાથી ઈજારાશાહી, ગેરરીતિઓ તેમજ અસમાનતા ભરી લેવડ-દેવડના સંબધો આદિવાસી ખેડૂતો તેમજ વેપારીઓ વચ્ચે પ્રવર્તતા હતા. હાટના કારણે બિન-આદિવાસીઓ અને આદિવાસી સમાજના સબંધો વધ્યા. તેમજ દર ત્રણ નાના વેપારીઓ પૈકી એક આદિવાસી વેપારી જોવા મળ્યો. જે આદિવાસી વ્યક્તિ માત્ર ચીજવસ્તુઓની ખરીદી કરતો તે હવે ચીજવસ્તુઓનું વેચાણ કરતો બન્યો હતો. હાટ માત્ર બજારનું સ્થળ ન રહેતા એકબીજાને મળવા માટેનું સામાજિક, આર્થિક અને રાજકીય બાબતોનું સાધન બન્યું હતું. લગ્ન, છૂટાછેડા વગેરેનું સ્થળ પણ બન્યું.આ રીતે આદિવાસી વિસ્તારમાં ભરાતા હાટ વિશે ડૉ પુનાલેકર ઝીણવટભર્યો અભ્યાસ કર્યો અને આદિવાસી સમુદાયમાં હાટનું શું મહત્વ રહ્યું છે તે સમજાવવાનો પ્રયાસ કર્યો છે.

**પુનાલેકાર (૧૯૮૦)નો**"A descrptive study of dhodiyas of Surat City" નામનો પીએચ.ડી અભ્યાસ ધોડિયા જાતિના સ્થળાંતરિતો કે જેમને સુરત આવીને વસવાટ કર્યો છે. તેમનો અભ્યાસ કરી શહેરી વિસ્તારોમાં વસતા આદિવાસીમાં આવી રહેલા પરિવર્તનને સમજવા ઉપયોગી પુરવાર થાય તે લક્ષમાં રાખી કરવામાં આવ્યો હતો. આ અભ્યાસમાં તેમનો મુખ્ય હેતુ એ જાણવાનો હતો કે શું ધોડિયાઓ ગામડાઓમાં ઉપલા સ્તરમાં આવે છે એ શહેરમાં પણ ઉપલા સ્તરમાં જ હોય છે? અને જે શહેરમાં નિમ્ન સ્તરમાં છે તેઓ ઉચ્ચ સ્તરમાં જવા કેટલા સફળ રહે છે? સંશોધકના તારણો મુજબ નિમ્ન સ્તરમાંથી આવતા ધોડિયામાં પોતાના વિકાસ અને ભવિષ્યની ચિંતાનો સદંતર અભાવ હતો. જે ધોડિયાઓ શહેરમાં જે નિમ્ન સ્તરના ગણાતા તેઓ ગામડામાં નિમ્ન સ્તરમાંથી આવતા હતા અને તેઓ સુરત શહેરમાં પણ પોતાનો દરજ્જો બદલવામાં સફળ થયા નહોતા. જયારે ઉચ્ચ સ્તરમાં આવતા ધોડિયાઓ સુરત જેવા શહેરમાં વસવાટ કરતા હોવા છતાં સામાજિક દરજ્જામાં પરિવર્તન આણી શક્યા નહોતા. અહી ડૉ પુનાલેકરના મત મુજબ ગામડાંઓમાંથી જે ધોડિયા સ્થળાંતર કરીને શહેરમાં આવે તેઓ શહેરમાં પોતાનો સામાજિક દરજ્જો ઉચો લાવી શકયા નહિ. તેમનું સ્થાન શહેરમાં નિમ્ન જ રહેવા પામ્યું હતું.

**દલિત અભ્યાસો** :

પ્રો.એસ.પી પુનાલેકરે દલિત સાહિત્ય પર પોતાના દ્રષ્ટિકોણ રજૂ કરે છે. તેમને મહારષ્ટ્રના દલિત સાહિત્ય પર પોતાની વિચારસરણી રજૂ કરતા કહે છે કે, દલિત સાહિત્ય મુખ્યત્વે દલિતો દ્વારા લખાયેલ છે. જેઓને સામાજિક, આર્થિક, રાજકીય અને સાંસ્કૃતિક રીતે અપમાનિત કરાયા છે. અને વંચિતતાની સ્થિતિમાં રખાયા છે. તેમના મત મુજબ પશ્ચિમ ભારતમાં(ગુજરાત અને મહારષ્ટ્ર) દલિતોની પરિસ્થિતિ જટિલ સામાજિક દ્રશ્ય રજુ કરે છે. પુનાલેકર સમાજશાસ્ત્રીય દ્રષ્ટિબિંદુથી દલિત સમૂહોને લગતી સામાજિક વાસ્તવિકતા રજુ કરરી છે. બંને રાજ્યોમાં દલિતો કેટલીક સામાન્ય લાક્ષણિકતાઓ ધરાવે છે. દલિતો ઘણા ગરીબ છે અને મજૂરી કરી પોતાનું જીવન ગુજારે છે. ગ્રામીણ અર્થવ્યવસ્થાના મૂળ સ્થાનિક અને વર્ણવ્યવસ્થાસાથે જોડાયેલી જજમાની પ્રથામાં જોવા મળે છે. દલિતોમાં આંતરિક પ્રણાલીઓ અને ભેદભાવઓ દલિત પુરૂષો અને સ્ત્રીઓ બંને તેમના પોતાના જ દલિત સાથીઓ માટે આવી નિયમિત અપમાનજનક પ્રથાઓનું સતત

પાલન કરે છે, આ વિચારો અને વલણ એટલા ઊંડે જડેલા છે. આવી બંધ માનસિકતા અને પરિસ્થિતિમાંથી મુક્તિ એ દલિતો માટે પ્રાથમિક જરૂરિયાત છે જે તેઓ અનુભવવા લાગ્યા છે. દલિતોની મુક્તિ ઘણો મોટો મુદ્દો છે અને તેને માનસિકતાના પરિવર્તન સાથે મળીને સંભાળવો પડશે. તમે બંધ મન સાથે આ વર્ચસ્વમાંથી મુક્તિ મેળવી શકવાના નથી. દલિત સાહિત્ય તેના આત્મકથાત્મક વર્ણનો અને અન્ય સ્વરૂપો દ્વારા દલિત સમસ્યા વિશે આપણી ગુણાત્મક શોધને વધુ ઊંડું ઉતરવામાં મદદ કરી શકે છે

એસ.પી. પુનાલેકરે " દલિત સાહિત્ય અને દલિત ઓળખ"માં જણાવે છે કે, હિંદુ મહાકાવ્યોમાં સીમાંત પાત્ર શમ્બુક કે જેઓ રામાયણ સંભાળવાના ગુનામાં માર્યા ગયા હતા. જે દલિતોના સદીઓથી થયેલા અન્યાયને દર્શાવવામાં મદદ કરે છે. સમકાલીન દલિત લેખકો મનુના પવિત્ર ગણાતા કાયદાને શૈતાની વિષયવસ્તુ માટે વખોડી કાઢે છે. અને બ્રાહ્મણવાદી કાયદો આપનાર મનુ સામાજિક સમાનતા અને સ્વતંત્રતાનો કટ્ટર દુશ્મન તરીકે ઓળખાવે છે. વ્યાપક અને અવિરત જાતિ ભેદભાવ સામે અવજ્ઞાનું બીજી અભિવ્યક્તિ ખ્રિસ્તી ધર્મમાં પરિવર્તન છે. પુનાલેકર સરકારને ધાર્મિક અથવા જાતિના માપદંડોને બદલે આર્થિક આધાર પર અનામત અને ક્વોટાનો આધાર રાખવાની સલાહ આપે છે.

**વિકાસ અને વિષમતા – ગુજરાતની અનુસૂચિત જાતિઓ** : અનુસૂચિત જાતિને ગુજરાતી સમાજના ઉત્પાદકીય વર્ગના સભ્ય તરીકે તેમજ સામાજિક, રાજકીય જૂથ તરીકે ઓળખીને તેઓની પરિસ્થિતિને તપાસવામાં આવેલ છે. પ્રસ્તુત નિબંધમાં ગુજરાતની અસ્પૃશ્ય જ્ઞાતિને લગતા સાંપ્રત પ્રવાહો રજૂ કરેલા છે. તેમજ નવી પેઢી આ અંગે ઉડાણપૂર્વક અભ્યાસો કરે તે માટેના સૂચનો તેમના દ્વારા આપવામાં આવ્યા છે. **મહારાષ્ટ્રના દલિત સાહિત્ય ઉપર એક દષ્ટિપાત -૧૯૯૨, આંબેડકર, દલિત મુક્તિ અને સમાજ પરિવર્તન – ૧૯૯૧, અસ્પૃશ્યતા અને સામાજિક પરિવર્તન - ૧૯૮૩** વગેરે અભ્યાસો દ્વારા દલિત સમુદાયો વિશે ડૉ પુનાલેકરે દલિત સાહિત્યમાં વ્યક્ત થતી દલિતોની દયનીય પરિસ્થિતિ તેમજ ડૉ આંબેડકર દ્વારા તેમના મુક્તિ માટેના પ્રયાસો અને દલિતોમાં આવેલા પરિવર્તનો વિશેની ઊંડી સમજ આપી છે.

**આદિવાસી સમાજ અને શિક્ષણ : દક્ષિણ ગુજરાતના હળપતિઓ -૧૯૯૪** ડૉ. એસ. પી પુનાલેકરએ દક્ષિણ ગુજરાતના હળપતિઓ પર અભ્યાસ કર્યો હતો તેમના આ અભ્યાસમાં આદિવાસી સમાજમાં શિક્ષણનું શું સ્થાન છે તે સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. હળપતિ આદિવાસી સમુદાયોની પરિસ્થિતિ અત્યંત ગરીબ હોવાને કારણે તેમનું સંપૂર્ણ કુટુંબ ખેત મજૂરી સાથે સંકળાયેલું જોવા મળે છે. બાળકો પણ માતા-પિતા સાથે મજૂરી કામ માટે જતા હોય છે આથી હળપતિ સમુદાયમાં શિક્ષણનું પ્રમાણ નહીવત પ્રમાણમાં હતું. અને હળપતિઓ હાળી પ્રથા સાથે સંકળાયેલા હતા. હળપતિઓ સતત દેવામાં રેહતા. આથી આર્થિક પરિસ્થિતિ ખરાબ હોવાના કારણે તેઓમાં શિક્ષણનું પ્રમાણ નહીવત પ્રમાણમાં હતું. **સામાજિક સ્તરીકરણ અને શૈક્ષણિક અસમાનતા -૧૯૯૫**, **શિક્ષણ અને આદિવાસી સમાજ – ૧૯૮૫** વગેરે અભ્યાસો દ્વારા આદિવાસી સમુદાય પર શૈક્ષણિક અસર ડૉ પુનાલેકરએ તપાસી હતી. અને આદિવાસી સમુદાયમાં શિક્ષણનું સ્થાન શું રહ્યું છે એના પર પ્રકાસ પાડ્યો છે.

**બાળકો અને સ્ત્રીઓ પરના અભ્યાસો**: સંસ્થાકીય બાળકોનું પુનર્વસન કેસ સ્ટડીમાં ડૉ એસ.પી પુનાલેકરે ગુજરાતની ૧૧ બળ કલ્યાણ સંસ્થાઓમાંથી ૪૯ ભૂતપર્વ કેદીઓનો કેસ સ્ટડી કરેલ છે. સંસ્થાઓમાં કેદીઓને કૌશલ્ય અને યોગ્યતાની જોગવાઈ છે. જ્યારે તેઓ છોડે છે ત્યારે તેમને બાહ્ય વિશ્વનો સામનો કરવા માટે સજ્જ કરવામાં આવે છે. સંસ્થાના બાળકોને સમાજ સાથે જોડવાનો પ્રયત્ન કરવામાં આઅવે છે. આ જોડાણોની પ્રકૃતિ શું છે? સામાજિક કલ્યાણ નીતિના દૃષ્ટિકોણથી આ એક મહત્વપૂર્ણ પ્રશ્ન છે. આ પ્રશ્ન પર માહિતી મેળવવાની એક રીત એ છે કે ભૂતપૂર્વ કેદીઓનો પોતે સંપર્ક કરવો અને તેમની ધારણા અને અનુભવોની ખાતરી કરવી. પ્રસ્તુત સંશોધન લેખ આ દિશામાં એક સંશોધનાત્મક કવાયત છે. પુનાલેકરે આ પ્રશ્ન અંગે સંશોધન કરવા તરફ આંગળી ચીંધી છે. સંશોધનના અંતે માહિતીને ત્રણ વિભાગમાં વહેંચવામાં આવી છે 1. ભૂતપૂર્વ કેદીઓની સામાજિક-આર્થિક પૃષ્ઠભૂમિ અને તેમનો સંસ્થાકીય અનુભવ 2. તેમનું સંસ્થાન પછીનું જીવન, અને 3. સંસ્થાકીય કાર્યક્રમો અને સેવાઓ પરના તેમના સૂચનો. આમ તેમણે સુધારણાગૃહોમાં રહેતા બાળકો પર અભ્યાસ કરી સંસ્થોનું મહત્વનું શું પ્રદાન રહ્યું છે તે દર્શાવવાનો પ્રયત્ન કરેલ છે. **કલ્ચર, પોલિટીકલ ઈકોનોમી એન્ડ જેન્ડર મારજીનાલાઈઝેસન**: અ કેસ સ્ટડી ઓફ ગર્લ ચાઈલ્ડ ઇન ઇન્ડિયા : આ લેખ સ્ત્રી બાળકો, લિંગ અવગણના અને હાંસિયામાં રહેવાના મેક્રો અને માઇક્રો-ઇકોનોમિક, સાંસ્કૃતિક પાસાઓની અસરની ચર્ચા કરવામાં આવી છે. સ્ત્રી અસમાનતાને હાંસિયામાં ધકેલવું એ વ્યાપકપણે સ્વીકૃત સૈદ્ધાંતિક ચિંતા હોવા છતાં, સ્ત્રીની નબળાઈ માટેનું સ્પષ્ટીકરણ બદલાય છે. એક અભિપ્રાય એવું માને છે કે ઉત્પાદનના સંબંધો અને મિલકત સંબંધની સિસ્ટમમાં પરિવર્તન લિંગ સમસ્યાઓનું આપમેળે સમાધાન કરશે. અન્ય એક

મત એવું માને છે કે સ્ત્રી અસમાનતા માટે સંસ્કૃતિના પરિબળો જવાબદાર છે. આ લેખમાં એવી દલીલ કરવામાં આવી  છે કે સંસ્કૃતિ લોકોની ભૌતિક પ્રવૃત્તિ અને તેમના વિચારોને અસર કરે છે. છેલ્લા બે દાયકામાં નારીવાદીઓએ સ્ત્રી અને ઉત્પાદન અને પ્રજનનમાં તેમની વ્યૂહાત્મક ભૂમિકા, ખાસ કરીને સ્ત્રી બાળકો વિશે સામાન્યકૃત સભાનતાને પ્રોત્સાહન આપ્યું છે. જે સંશોધન થાય છે તે સ્ત્રી બાળકને અસર કરતી સમસ્યાઓને અપૂરતી રીતે સંબોધિત કરે છે. ઘરેલું અથવા ઘરગથ્થુ ક્ષેત્રમાં, પુરાવા સૂચવે છે કે માંદા  બાળક,  વધુ પ્રમાણમાં બાળ મૃત્યુદર, બાળહત્યા અને લિંગ-પસંદગીયુક્ત ગર્ભપાત અને નીચી સ્વાસ્થ્ય સ્થિતિનો અનુભવ કરે છે. સ્ત્રી બાળકોમાં સૂક્ષ્મ પોષકતત્વોની ઉણપ, વૃદ્ધિમાં મંદતા અને સૂક્ષ્મ પોષકતત્વોની ઉણપ હોય છે. કુદરતની આફતો કે કટોકટીના સમયમાં છોકરાઓ કરતાં છોકરીઓ કુપોષણથી વધુ પીડાતી જોવા મળી હતી. છોકરીઓ માટે કામનું વેતન ખૂબ જ ઓછું છે અને કામ કરવાની પરિસ્થિતિઓ દમનકારી છે. ઘરની આર્થિક સ્થિતિ કામની ફાળવણી, શિક્ષણની  પસંદગી અને જીવનશૈલી નક્કી કરે છે. આમ, ભારતમાં લિંગ અસમાનતા છે. સ્ત્રીઓની અવગણના તેમનના ઉછેર પદ્ધતિમાં, શિક્ષણમાં, વેતન આપવામાં દેખાય આવે છે.

**સમાજશાસ્ત્રમાં તેમનું પ્રદાન:**

પ્રો. એસ.પી. પુનાલેકરે સમાજશાસ્ત્રમાં અમુલ્ય પ્રદાન આપેલ છે. ખાસ કરીને શિક્ષણ, આયોજન, આદિવાસીઓ, દલિતો, સ્ત્રીઓ, શ્રમિક સમૂહો, બાળશ્રમ, વિકાસ, સામાજિક ન્યાય, ગરીબી, કલ્યાણ યોજનાઓ, શ્રમ સંગઠનો મુખ્ય હતા. વિશેષ કરીને શ્રમિક અને દલિત સમૂહોને તેમને અભ્યાસના કેન્દ્રવર્તી વિષય બનાવ્યા હતા. તેમના પુસ્તકો અને લેખો નીચે મુજબ છે.

**અંગ્રેજી લેખો અને પુસ્તકો:**

Weekly market in tribal talukas of surat-valsad region -1983, Migration and social stratification: A case study of Dhodiyas of surat city -1980, Integrated rural development programme and poverty alleviation : an overview of India- 1989, Social input plan for bayad and malpur talukas of sabarkantha district : with special reference to the requirements of woman and children: interim report – 1980, Aspects of class and caste in social tension : a study of Marathawada ritots – 1981, Empowering the urban poor in surat

slums: an evolution of Navsarjan: Xavier's cell for human development -1995, Informalisation and dependency: a study of jari and embroidery workers in south Gujarat -1988, Social mal-adjustment and institutional intervention : problem of destitution and delinquency in Baroda City : an overview-1986, Seeds of marginalization and instability : a study of street children in Gujarat cities-1993, Milk cooperatives in sabarkatha :A case study 1981, A Social – Economic and Demographic study of villages affected by proposed gandhinagar gas based power project -1992 , Agriculture profile of the Dang District-1989, Sociological of Dalit Literature -1995 , Tribal society and socio legal interventions -1997, Environment debate and reality : A Bibliography-1997, Sociological and Ecological Dimensions of Tourism: A select Bibliography -1999, Studies on Ambedkar – Thought and Praxis – 1999, Dalit and Social conflict mitigation process in India - 2001 , Certified school in Baroda – A profile of their perspective programmes and Emergent needs 1985 , Child-Welfare service constraints and opportunities – 1985, Remand home for Boys, Baroda 1985, Development perspective for the Disadvantageous group in agriculture 1987 , Marginalisation : a case of girl child in India, Urban community Development programme in india -1975(with subhash Chandra), Rehabilitation of institutionalized children : A case study - 1985

**ગુજરાતી લેખો અને પુસ્તકો :**

આદિવાસી સમાજ અને શિક્ષણ : દક્ષિણ ગુજરાતના હળપતિઓ -૧૯૯૪, મહારાષ્ટ્રના દલિત સાહિત્ય ઉપર એક દર્ષ્ટિપાત -૧૯૯૨, આંબેડકર, દલિત મુક્તિ અને સમાજ પરિવર્તન – ૧૯૯૧, વિકાસ અને વિષમતા : ગુજરાતની અનુસૂચિત જાતિઓ -૧૯૯૧, સામાજિક સ્તરીકરણ અને શૈક્ષણિક અસમાનતા -૧૯૯૫, અઠવાડિક બજારો અને સામાજિક પરિવર્તન -૧૯૮૫, શિક્ષણ અને આદિવાસી સમાજ – ૧૯૮૫, અસ્પૃશ્યતા અને સામાજિક પરિવર્તન -૧૯૮૩, ચીજવસ્તુઓ, વ્યપાર અને આદિવાસી સમાજ -૧૯૮૧

સારાંશ :

ડૉ એસ.પી. પુનાલેકરનું જીવન સામાજિક, આર્થિક રીતે પછાત ગણાતા આદિવાસી સમુદાય અને દલિતોના અભ્યાસમાં પૂર્ણ થયેલ છે. તેમને સમાજશાસ્ત્રીય દષ્ટિબિંદુથી સમાજશાસ્ત્રમાં ઉમદા પ્રદાન આપેલ છે. જે સમાજશાસ્ત્રના વિકાસ માટે ખુબ જ ઉપયોગી સાબિત થાય છે. તેમનું અમુલ્ય પ્રદાન પ્રકાસમાં આવે એ ખુબ જ અનિવાર્ય છે.

**સંદર્ભસૂચી :**

S.P.Punalekar - Migrants in a city : A case study of Dodiya Tirbals, social science, 1983

S.P.Punalekar -Dalits, Literature and wider society, Lokayan Bulletin-1982

S.P.Punalekar -Weekly Market in Tribal Area- ICSSR Research Abstract Quarterly 1983

S.P.Punalekar -Community, Tread and Adivasi Soceity, Adivasi Gujarat -1979

S.P.Punalekar -Some neglected aspects of slum settlements, Journal of south Gujarat university-1980

S.P.Punalekar -Tribal education of Gujarat , Mainstream-1985

S.P.Punalekar -Untouchability and social change: A Maharashtra case study, Mainstream, Republic day issues, 1983

પ્રો. એસ.પી. પુનાલેકર -પશ્ચિમ ભારતના ગ્રામીણ ગરીબો-એક અભ્યાસ -૧૯૮૫

પ્રો. એસ.પી. પુનાલેકર -કલ્યાણ રાજ્યમાં બાલકલ્યાણ ગૃહોનો અભ્યાસ-૧૯૮૫

પ્રો. એસ.પી. પુનાલેકર -વિકાસ અને વિષમતા ; ગુજરાતની અનુસૂચિત જાતિઓ – અર્થાત -૧૯૯૧ ( પા.નં - ૮ થી ૧૮)

મહારાષ્ટ્રના દલિત સાહિત્ય પર એક દર્ષ્ટિપાત – અર્થાત-૧૯૯૨ (પા.નં-૭)